સમાચારનો સાચો પ્રભાવ

# સત્ય સમર્પણ NEWS

સોશિયલ મીડિયા આવૃત્તિ

RNI NO: GUJGUJ/2023/84681

Email : satyasmarpannews@gmail.com





આપના મોબાઇલમાં સત્ય સમર્પણ મેળવવા ઇચ્છો છો??

QR કોડ સ્કેન કરો અને જોડાવ અમારા whatsapp ગ્રુપમાં



તંત્રી : કિશ પઢારિયા | સહતંત્રી : મયુરસિંહ જાડેજા | Date : 28-8-2025 | Thursday | Page : 8 | Year : 1 | Issue : 236 | Price : 2/-


# નેપાળ બોર્ડરથી જૈશ-એ-મોહમ્મદના ૩ પાકિસ્તાની આતંકીઓ બિહારમાં ઘૂસ્યા

■ સમગ્ર રાજ્યમાં હાઇ એલર્ટ, આ વર્ષે વિધાનસભા ચૂંટણી યોજાવાની છે

પટના, તા. ૨૮: રાહુલ ગાંધી જઈછ વિરુદ્ધ બિહારમાં મતદાર અધિકાર યાત્રા પર છે, આ વર્ષે વિધાનસભાની ચૂંટણીઓ પણ યોજાવાની છે, તે દરમિયાન બિહારમાં ત્રણ પાકિસ્તાની આતંકવાદીઓની ઘૂસણખોરીના સમાચાર છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, પોલીસ મુખ્યાલયના જણાવ્યા અનુસાર, આ બધા નેપાળ થઈને બિહાર પહોંચ્યા હતા. પાકિસ્તાની આતંકવાદીઓ હસનૈન, આદિલ અને ઉસ્માનના ફોટા જાહેર કરવામાં આવ્યા છે. હસનૈન અલી પાકિસ્તાનના રાવલપિંડીનો રહેવાસી છે. આદિલ હુસૈન પાકિસ્તાનના ઉમરકોટનો રહેવાસી છે. અને ત્રીજો આતંકવાદી મોહમ્મદ ઉસ્માન પાકિસ્તાનના બહાવલપુરનો રહેવાસી છે.



આદિલ હુસૈન, આતંકી



ઉસ્માન આતંકી



હસનૈન અલી આતંકી

અહેવાલ છે કે આ બધા પાકિસ્તાની આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે સંકળાયેલા છે. પોલીસ મુખ્યાલયે તમામ જિલ્લાઓની પોલીસને હાઇ એલર્ટ જારી કર્યું છે. મુખ્યાલયે તેમને આતંકવાદીઓના નામ અને ફોટા પણ મોકલ્યા છે. ગુપ્ત માહિતીના આધારે, એવી આશંકા છે કે આતંકવાદીઓનો હેતુ બિહારમાં કોઈ મોટી ઘટનાને અંજામ આપવાનો હતો. જોકે, આ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી. એવી શંકા છે કે ત્રણેય આતંકવાદીઓ અરરિયા જિલ્લામાંથી બિહારમાં પ્રવેશ્યા હશે. હાલમાં તપાસ ચાલી રહી છે. ત્રણેય આતંકવાદીઓના ફોટા જાહેર કરવામાં આવ્યા છે. અહેવાલ છે કે ત્રણેય આતંકવાદીઓ ઓગસ્ટના બીજા અઠવાડિયામાં કાઠમંડુ પહોંચ્યા હતા. ત્યાંથી તેઓ ગયા અઠવાડિયે બિહારમાં પ્રવેશ્યા હતા. આ આતંકવાદીઓ દેશના કોઈ ભાગમાં આતંકવાદી ઘટનાઓને અંજામ આપે તેવી પણ શક્યતા છે. મુખ્યાલયે તમામ જિલ્લા પોલીસને ગુપ્તચર તંત્રને સક્રિય રાખવા, ઈનપુટ્સ એકત્રિત કરવા અને શંકાસ્પદો પર નજર રાખવાનો આદેશ આપ્યો છે. જોકે, આ અંગેની સત્તાવાર માહિતી હજુ સુધી મુખ્યાલય તરફથી આવી નથી.

આના ત્રણ મહિના પહેલા, મે મહિનામાં ૨૦ દિવસમાં ૧૮ શંકાસ્પદ લોકો બિહારમાં પ્રવેશ્યા હતા. તેમાંથી એક ખાલિસ્તાની પણ પકડાયો હતો. બિહાર નેપાળ સાથે ૭૨૯ કિમી લાંબી સરહદ ધરાવે છે.

બિહારના ૭ જિલ્લાઓ નેપાળ સરહદને અડીને આવેલા છે. ઘૂસણખોરી અહીંથી થાય છે, કારણ કે આખી સરહદ ખુલ્લી છે.

# ભારત પર ટેરિફ મુદ્દે ઘરમાં જ ઘેરાયા ડોનાલ્ડ ટ્રમ્પ

■ ચીન અને અન્ય દેશોને બાકાત રાખી ભારતને નિશાન બનાવ્યું

વોશિંગ્ટન, તા. ૨૮: અમેરિકન ફોરેન પોલિસીને આકાર આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર હાઉસ ફોરેન અફેર્સની કમિટીએ પોતાના જ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની વિદેશ નીતીની આકરી ટીકા કરી છે. હાઉસ ફોરેન અફેર્સ કમિટીએ કહ્યું કે, ટ્રમ્પ ભારત પર ટેરિફ લગાવીને તેને નિશાનો બનાવી રહ્યા છે, જેનાથી અમેરિકાને નુકસાન થઈ રહ્યું છે અને આ પ્રક્રિયામાં અમેરિકા-ભારત સંબંધોને નુકસાન પહોંચી રહ્યું છે.

અમેરિકાની હાઉસ ફોરેન અફેર્સ કમિટી ભારતની સંસદીય સમિતિઓ જેવી જ છે. તે અમેરિકન હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સની કાયમી સમિતિ છે, જે યુનાઈટેડ સ્ટેટ્સની વિદેશ નીતિ સંબંધિત બિલ અને તપાસની દેખરેખ રાખે છે.



આ સમિતિ દ્વારા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની નીતિઓ પર સવાલ ઉઠાવવામાં આવ્યા છે, ખાસ કરીને ભારત પર ભારે ટેરિફ લાદવાની ટ્રમ્પની નીતિ પર આકરી પ્રતિક્રિયા આપી છે.

આ સમિતિએ જણાવ્યું હતું કે, ચીન અથવા અન્ય દેશો દ્વારા રશિયન ક્રૂડ ઓઈલની મોટા પાયે ખરીદી પર પ્રતિબંધ મૂકવાને બદલે, ટ્રમ્પ ભારત પર ટેરિફ લાદીને નિશાન બનાવી રહ્યા છે, જેનાથી અમેરિકનોને નુકસાન થઈ રહ્યું છે. આ પ્રક્રિયામાં અમેરિકા-ભારત સંબંધોને નુકસાન થઈ રહ્યું છે. એવું લાગી રહ્યું છે કે, ટ્રમ્પનો આ તમામ પ્રયાસ યુક્રેન વિશે છે જ નહીં.

આ સમિતિમાં હાલ ૫૨ સભ્યો છે. ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટી હાલમાં હાઉસ ફોરેન અફેર્સ કમિટીમાં પ્રભુત્વ ધરાવે છે. કારણ કે, હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સમાં રિપબ્લિકન બહુમતીમાં છે. આ સમિતિમાં ૨૭ રિપબ્લિકન અને ૨૫ ડેમોક્રેટિક સભ્યો છે. સમિતિના અધ્યક્ષ બ્રાયન માસ્ટ પણ રિપબ્લિકન છે. ડેમોક્રેટ ગ્રેગરી મીક્સ હાલમાં લઘુમતિ પક્ષના રેન્કિંગ મેમ્બર છે.

હાઉસ ફોરેન અફેર્સ કમિટીમાં રિપબ્લિકન બહુમતિ હોવા છતાં, તેમના પોતાના પક્ષના અમેરિકન પ્રમુખ ટ્રમ્પની ટીકા કરવી એ તેમના માટે મોટી વાત છે.

આ સમિતિએ ટ્રમ્પની આકરી ટીકા કરતા કહ્યું કે, 'જો ટ્રમ્પ વહીવટીતંત્રે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદતા કોઈપણ દેશ પર ગૌણ પ્રતિબંધોની ધમકી લાગુ કરવાનો નિર્ણય લીધો હોત તો તે એક વાત હોત. પરંતુ ફક્ત ભારત પર ધ્યાન કેન્દ્રિત કરવાના નિર્ણયથી કદાચ સૌથી ગૂંચવણભર્યું નીતિગત પરિણામ આવ્યું છેઃ રશિયન ઊર્જાનો સૌથી મોટો આયાતકાર ચીન, હજુ પણ ડિસ્કાઉન્ટ પર ક્રૂડ ઓઈલ ખરીદી રહ્યું છે અને અત્યાર સુધી સમાન સજાથી મુક્ત રાખવામાં આવ્યું છે.'

નોંધનીય છે કે, ભારત પર ૫૦ ટકા ટેરિફ ૨૭ ઓગસ્ટથી લાગુ કરવામાં આવ્યો છે. આ ૫૦ ટકામાંથી અમેરિકાએ ફક્ત રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ આયાત કરવા માટે ૨૫ ટકા ટેરિફ લાદ્યો છે. અમેરિકા માને છે કે, ભારત દ્વારા રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવાથી રશિયાને યુક્રેન સામે યુદ્ધ ચાલુ રાખવામાં મદદ મળે છે.

વળી, ભારતે કહ્યું કે, તેને તેની ઊર્જા સુરક્ષાનો અધિકાર છે અને યુરોપ, ચીન અને અમેરિકાનો પણ રશિયા સાથેનો વેપાર રાબેતા મુજબ ચાલુ રહે છે.

# ડુપ્લિકેટ ચાવીથી રાજકોટમાં થાર કાર ચોરીનો હાઈપ્રોફાઈલ કિસ્સો

## ગાડી ગાયબ કર્યા બાદ ચોરોએ ડેમ પાસે પેટ્રોલ પંપે ડીઝલ પણ પુરાવ્યું : સુરક્ષા સિસ્ટમને પડકાર




રાજકોટ તા ૨૮ઃ રાજકોટ શહેરમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. શહેરમાં નોંધાયેલ ત્ર્લ ઘ૧૨ ત્ર્ઈ ૯૦૦૩ નંબરની થાર કાર ચોરાઈ ગઈ હોવાનો મામલો બહાર આવ્યો છે. ચોરીનો આ કેસ સામાન્ય નથી, કારણ કે ગાડી ગાયબ કર્યા બાદ ચોરો સીધા ડેમ પાસે આવેલા ભારત પેટ્રોલ પંપ પર પહોંચ્યા અને નિર્ભયતાથી ડીઝલ પણ પુરાવ્યું હતું.

માહિતી મુજબ, ચોરોએ ડુપ્લિકેટ ચાવી બનાવીને થાર ગાડી ચોરી કરી. સુરક્ષા સિસ્ટમ હોવા છતાં ચોરો તાળું તોડ્યા વિના ગાડી લઈ ફરાર થઈ ગયા. માલિકે આ ઘટનાને લઈને ગંભીર ચિંતા વ્યક્ત કરી છે અને સુરક્ષા સિસ્ટમની વિશ્વસનીયતા પર સવાલો ઊભા કર્યા છે.

પોલીસે ઘટનાની નોંધ લઈને તપાસ શરૂ કરી છે. આસપાસના વિસ્તારના તથા પેટ્રોલ પંપના ઈઈઝટ ફૂટેજના આધારે ચોરોને શોધવાના પ્રયાસો ચાલી રહ્યા છે.

આ ઘટના બાદ શહેરમાં વાહન ચોરીના નવા ટ્રેન્ડ અંગે ચર્ચા શરૂ થઈ છે. ખાસ કરીને ડુપ્લિકેટ ચાવી દ્વારા ચોરીના કેસો વધી રહ્યાં છે, જેને કારણે વાહન માલિકોમાં સુરક્ષા અંગે ભય ફેલાયો છે.





# દુનિયામાં વધતી જતી અણુયુદ્ધની સંભાવના



## તંત્રી લેખ

- ક્રિશ પઢારિયા

અમેરિકાએ જે નવો 'OPLAN' ઘડયો છે તેમાં આંતરિક બીજા ઘણાં પ્લાન સમાવિષ્ટ કરાયા છે. કહેવાનો મતલબ ઘડક્અગ હવે કેવળ એક જ પ્લાન થી પણ 'A Family of Plans' છે, અને તે જુદા જુદા ચાર પ્રતિસ્પર્ધી કે શત્રુ દેશો - રશિયા, ચીન, ઉત્તર કોરિયા અને ઈરાન વિરૂધ્ધના પ્લાન છે.

અમેરિકાના શસ્ત્ર ભંડારમાં ૧૯૬૦માં જેટલા અણુશસ્ત્રો હતા તેની સરખામણીમાં આજે ઓછા શસ્ત્રો છે. વર્ષ ૧૯૮૫માં અમેરિકાના તત્કાલીન પ્રમુખ રોનાલ્ડ રેગન અને સોવિયેત યુનિયનના જનરલ સેક્રેટરી મીખાઇલ ગોર્બાચેવે એક સંયુક્ત નિવેદન જારી કરી વિશ્વને ચેતવણી આપી હતી કે, અણુયુધ્ધમાં કોઇની જીત થઇ નથી શકતી, માટે અણુયુધ્ધ ક્યારેય પણ લડાવું ન જોઇએ.

પણ દાયકાઓ પછી વર્ષ ૨૦૨૨માં અમેરિકન પ્રમુખ જો બાઈડેને ખુદ અમેરિકનોને ચેતવ્યા હતા કે, ’અણુયુધ્ધની સંભાવના ભયંકર રીતે ખૂબ વધી ગઇ છે.’

હવે આજે આપણે અણુયુધ્ધની સંભાવનાને સાવ જ કિનારે આવીને ઊભા હોય તેવી બેહદ વિષમ પરિસ્થિતિ સર્જાઈ છે.

રશિયા-યુક્રેન વચ્ચે તા. ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૨ થી યુધ્ધ ચાલી રહ્યું છે. અત્યારે યુક્રેનનો લગભગ ૨૦ ટકા પ્રદેશ રશિયાના કબ્જા હેઠળ છે. ત્રણેક વર્ષથી ચાલતા આ યુધ્ધનો અંત હજી દેખાતો નથી. આટલું ઓછું હોય તેમ ઈઝરાયલ-ઈરાન વચ્ચે ફાટી નીકળેલા યુધ્ધમાં અમેરિકાએ પણ ઝંપલાવ્યું હતું.

આ સ્ફોટક સ્થિતિ વચ્ચે કોણ, ક્યારે અચાનક એકાદ અણુશસ્ત્રનો ઉપયોગ કરી બેસે તે વિશે નિશ્ચિતપણે કોઈ કશું કહી તેમ નથી. ઈન્ટર કોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઈલ (ઇંઈઇખ) એ લાંબા અંતર સુધી જઈ ટાર્ગેટ પર અણુશસ્ત્રોનો વાર કરી શક્વા સક્ષમ મિસાઈલ છે. દાખલા તરીકે અમેરિકા કે રશિયા આ મિસાઈલ છોડે તો હજારો કિલોમીટરનું અંતર કાપી તે યુરોપ અથવા એશિયા કે આફ્રિકા ખંડના ગમે તે પૂર્વ નિર્ધારિત દેશ પર ત્રાટકી શકે છે. વિશ્વના કોઈપણ ખૂણે પહોંચી લાખ્ખો લોકોને મોતના મુખમાં ધકેલી દેવાની રાક્ષસી તાકાત આ બેલિસ્ટિક મિસાઈલમાં છે.

આ વાત છે વર્ષ ૧૯૬૦ ની, જ્યારે (ICBM) બનાવવાની શરૂઆતનો તબક્કો હતો. એ સમયના પેન્ટાગોનના (અમેરિકાના સંરક્ષણ ખાતાના) મુખ્ય વૈજ્ઞાનિક હર્બ યોર્કને એક સવાલ સ્ફૂર્યો કે લાખો લોકોને એક સામટા યમદ્વારે પહોંચાડી દેવાની વિનાશક ક્ષમતા ધરાવતી અને હજારો કિલોમીટર દૂર દુશ્મન દેશના મહત્વના કોઈ શહેર સુધી અણુશસ્ત્રો લઈ જવાની રાક્ષસી તાકાત ધરાવતી આ મિસાઈલ ધારો કે સોવિયેત રશિયા અમેરિકાના કોઈ શહેર પર છોડે તો ત્યાંથી અમેરિકા સુધી આવતા તેને ચોક્કસપણે કેટલો સમય લાગે ?

આ સવાલનો જવાબ મેળવવા હર્બ યોર્કે, અમેરિકાના સંરક્ષણ ક્ષેત્રના ટોચના વૈજ્ઞાનિકોની મદદ લીધી અને તેમને બેલિસ્ટિક મિસાઈલને રશિયાથી અમેરિકા સુધી આવતા કેટલો સમય લાગે તેની ચોક્કસ ગણત્રી કરવાની સંવેદનશીલ મહત્વની કામગીરી સોંપી. પરિણામ : સંરક્ષણ ક્ષેત્રના નિષ્ણાતોએ ચોકસાઈપૂર્વક વૈજ્ઞાનિક સિધ્ધાંતો અને મિસાઈલની ઝડપ વિગેરે ગણત્રીમાં લઈને એવો નિષ્કર્ષ તારવ્યો કે સોવિયેત યુનિયનથી અણુશસ્ત્રો સાથેની બેલિસ્ટિક મિસાઈલ છોડાય તો, અમેરિકાના પૂર્વ નિર્ધારિત શહેર પર માત્ર ૨૬ મિનિટ અને ૪૦ સેકન્ડમાં ભયંકર વિસ્ફોટ સાથે ત્રાટકી



સમગ્ર શહેરનો વિનાશ કરી શકશે. કેવળ ૧૬૦૦ સેકન્ડસમાં બધું તહસનહસ...

અમેરિકાના સાનડિએગો શહેરની ગેઈસલ લાયબ્રેરીમાંથી હર્બ યોર્કના કેટલાક પર્સનલ પેપર્સની વચ્ચે વૈજ્ઞાનિકોએ કરેલી ૨૬ મિનિટ ૪૦ સેકન્ડસ ગણત્રીવાળા આ ગુપ્ત-ખાનગી પેપર્સ પણ મળી આવ્યા છે.

આ અગત્યના ગુપ્ત પેપર્સ આ રીતે મુકવા પાછળ બે કારણ જવાબદાર હોઈ શકે : એક તો હર્બ યોર્કની બેદરકારીથી કદાચ આ પેપર્સ ત્યાં પડયા હશે અથવા તો હર્બ યોર્કે જાણીબુઝીને આ ગુપ્ત પેપર્સ ત્યાં મુકી રાખ્યા હશે. તેમનો આશય એ હશે કે તેઓ આખા વિશ્વને બતાવવા માંગતા હશે કે તમે બધા આ ગુપ્ત કાગળોમાં લખેલી હકીકતો વાંચો અને જુઓ કે વોર પ્લાનર્સ અને વિનાશક શસ્ત્રો બનાવનારાઓ આ બધું દાયકાઓથી જાણતા હોવા છતાં તમારાથી આ ચોંકાવનારી વિગતો છુપાવી રાખી છે. અણુયુધ્ધની આ રાક્ષસી વિનાશક તાકાત એવી છે કે અણુયુધ્ધથી લડાનાર મહાયુધ્ધમાં કોઈની જીત થાય એવો કોઈ રસ્તો જ નથી...! અણુયુધ્ધ અચાનક જ શરૂ થઈને ખૂબ ટૂંકા સમયમાં, કહોને ગણત્રીની મિનિટોમાં તેનો મહા વિનાશક અંત આવી જવાનો છે. બીજા વિશ્વયુધ્ધ વખતે તો એકમાત્ર અમેરિકા પાસે જ અણુશસ્ત્રો હતા, એટલે બે એટમબોમ્બ જાપાનના બે શહેરો પર ફેંક્યા એટલે જાપાન તુરત અમેરિકાને શરણે ગયું અને બીજા વિશ્વયુધ્ધનો અંત આવી ગયો. પણ તે પછી દુનિયા ખૂબ ઝડપે બદલાઈ ગઈ છે અને હજી બેવડી ઝડપે તેમાં બદલાવ આવી રહ્યો છે. આજે દુનિયાના લગભગ ૯ દેશો પાસે અણુશસ્ત્રો છે.

કહેવાનો મતલબ કે બીજા વિશ્વ યુધ્ધમાં અમેરિકા પાસે અણુશસ્ત્રની ઈજારાશાહી હતી, તે હવે નથી રહી. એટલે ત્રીજા વિશ્વયુધ્ધમાં ન કરે નારાયણને કોઈ એક દેશ અણુશસ્ત્રનો ઉપયોગ કરે તો બીજો દેશ હાથ જોડીને બેસી નહીં રહે. કોઈ આપખુદ સરમુખત્યાર કે એકાદ ધર્મઝનૂની શાસક પાસે અણુબોમ્બની ફોર્મ્યુલા આવી જાય તો એ શું કરી બેસે, તે વિશે કાંઈ જ કહી શકાય કે વિચારી સુધ્ધા શકાય તેમ નથી.

હર્બ યોર્કે લખ્યું છે કે, ’અણુશસ્ત્ર સજ્જ’ ICBMથી દુનિયાના સર્વનાશની ગંભીર સંભાવના ઊભી થઈ છે.



# ભાજપના ગણેશ ઉંધા બેઠાઃ સ્થાપન કાર્યક્રમમાં જ અડધા કોર્પોરેટરો ગેરહાજર



રાજકોટ, તા. ૨૮ઃ રાજકોટ મહાનગર પાલિકાની ચૂંટણી જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ સતાધારી પક્ષ ભાજપમા આંતરિક વિખવાદ વધુ વકરી રહયો છે . જન્માષ્ટમીની શોભાયાત્રાથી આખુ ભાજપ દૂર રહયા બાદ આજે કિશાનપરા ચોકમા ભાજપ આયોજિત ગણેશ મહોત્સવનાં પ્રારંભે જ ગણેશ ઉંધા બેઠા હોય તેમ ગણપતિ સ્થાપન સમયે ભાજપનાં ૬૮ માંથી ૩૦ કોર્પોરેટરો ગેરહાજર રહેતા અને કાર્યકરોની હાજરી પણ ખૂબ પાંખી દેખાતા સ્થાનિક રાજકારણમા ભારે ચર્ચા જાગી છે.

વર્ષોથી યોજાતા આ કાર્યક્રમમા પધારવા માટે કોર્પોરેટરોને સૂચના કે, આમંત્રણ જ અપાયા નહી હોવાની વાત બહાર આવી છે જો કે , શહેર ભાજપ પ્રમુખ સહિતનાં હોદેદારોએ પોત પોતાની રીતે બચાવ કર્યો હતો. અને ખૂલાસો પુછવાની વાત કરી હતી.


મળતી વિગતો મુજબ આ કાર્યક્રમ દરમિયાન કેટલાક મુખ્ય નેતાઓ અને કોર્પોરેટરોની ગેરહાજરીને લઈને આંતરિક ભેદભાવની ચર્ચાઓ શહેરના રાજકીય વર્તુળમાં જોર પકડતી જોવા મળી રહી છે. આ તરફ અનેક વોર્ડના કોર્પોરેટરો પણ હાજર ન હોવાથી કાર્યકરોમાં ઉદાસીનતા જોવા મળી આ સાથે પૂર્વ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કર પટેલ, પૂર્વ મંત્રી અરવિંદ રૈયાણી ન આવતા કાર્યકરોમાં અનેક ચર્ચા જાગી છે. ધારાસભ્ય ઉદય કાનગડ આપતા નિવેદનમાં જૂથવાદની વાતોને નકારી દીધી અને કહ્યું કે, કોઈ જૂથવાદ નથી. અરવિંદભાઈ રૈયાણી પણ ધારાસભ્ય અને મંત્રી રહ્યા છે. બનતું હોય કે પોતાના વિસ્તારમાં ગણપતિ સ્થાપનને લઈ નહીં આવી શક્યા હોય. આ સાથે મંત્રીમંડળ અંગે તેમણે સ્પષ્ટપણે કહ્યું કે, આ નિર્ણય પ્રદેશ મંડળ લેવે છે. ધારાસભ્યે આ પર બોલવું યોગ્ય નથી. રાજકોટ શહેર ભાજપ પ્રમુખ માધવ દવેએ પણ જૂથવાદ અંગે કડક પ્રતિભાવ આપતાં કહ્યું હતું કે, હું માનું છું ત્યાં સુધી ભાજપમાં કોઈ પણ પ્રકારનો જૂથવાદ નથી. તમામ કાર્યકર્તાઓને અને પદાધિકારીઓને ગઈકાલે જ કાર્યક્રમ અંગે જાણ કરવામાં આવી હતી. જે આવ્યા નથી તેમને પુછપરછ કરાશે. આ તરફ મળતી માહિતી મુજબ કેટલાક કાર્યકરોને કાર્યક્રમ અંગે ટેલિફોનિક જાણ ન કરવામાં આવી હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. પૂર્વ પ્રમુખ કમલેશ મિરાણી, પૂર્વ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કર પટેલ અને પૂર્વ મંત્રી અરવિંદ રૈયાણી ન આવતા ચર્ચાઓ ઊભી થઈ હતી.

## પક્ષમાં હવે જૂના કાર્યકર્તાઓનું માન સન્માન નથી : કોંગ્રેસમાંથી આવેલાઓનો દબદબો

### પુર્વ ધારાસભ્ય કેશુભાઈ ડાભીએ લેટર બોમ્બ ફોડ્યો

રાજકોટઃ ગુજરાત ભાજપમાં લાંબા સમયથી જે અસંતોષની સ્થિતિ બની રહી છે અને વર્તમાન તથા પુર્વ ધારાસભ્યો પણ હવે પક્ષમાં કે સરકારમાં તેઓનું કોઈ સાંભળતા જ નહી હોવાની ફરિયાદો સતત કરી રહ્યા છે. તેઓ હવે કપડવંજના પુર્વ ધારાસભ્ય કેશુભાઈ ડાભીએ પણ લેટર બોમ્બ ફોડયો છે. તેઓ પક્ષના નિષ્ઠાવાન કાર્યકર્તા હોવા છતાં પણ સ્થાનિક સ્તરે તથા મોવડીઓ દ્વારા સતત તેમની ઉપેક્ષા થઈ રહી હોવાનો વસવસો કર્યો છે. શ્રી ડાભી પુર્વ ધારાસભ્ય ઉપરાંત જીલ્લા પંચાયતના પુર્વ પ્રમુખ અને પ્રદેશ ભાજપના પુર્વ ઉપપ્રમુખ સહિતના પદો પર રહી ચૂક્યા છે.

તેમનો એક આક્રોશ વ્યક્ત કરતો પત્ર મહુધા વિધાનસભા ગ્રુપમાં વાયરલ થયો છે જેમાં આ વિસ્તારમાં વિકાસ કાર્યોનું સંકલન જ મળતું નથી. પક્ષમાં હવે કોંગ્રેસમાંથી આવેલા લોકોનો દબદબો વધી ગયો છે. પાર્ટી માટે કામ કરનારા જૂના કાર્યકર્તાઓની અવગણના થાય છે.



તેઓએ આ કુટુંબ વ્યક્તિગત નહી પક્ષ તેમના જેવા હજારો કાર્યકર્તાઓનું હોવાનો દાવો કર્યો છે અને તેમના આ પત્રને આ વિસ્તારમાં ગંભીરતાથી લેવામાં આવી રહ્યો છે. ખાસ કરીને તેમનો વિશાળ ટેકેદાર વર્ગ છે. તેઓએ પ્રથમ વખત કઠલાલ ધારાસભા બેઠક ભાજપ માટે જીતી હતી અને બાદમાં નવા સિમાંકન બાદ ૨૦૧૨માં શંકરસિંહ વાઘેલા સામે પરાજીત થયા હતા.

# રાજકોટ-જેતપુર હાઈવે પર ૫૭ સ્થળે ખાડાઃ નેશનલ હાઈવે ઓથોરિટીને તાકીદે ખાડા પુરવા આદેશ

## ■ સિક્સલેન કામગીરીના કારણે દરરોજ ૨૫ હજાર વાહનચાલકો પરેશાન





રાજકોટ, તા. ૨૮: રાજકોટ-જેતપુર સિક્સલેન હાઈવેની કામગીરીના કારણે અને ચોમાસામાં ઠેર ઠેર ખાડા પડી જતા દરરોજ ૨૫ હજાર વાહનચાલકો પરેશાન થઈ રહ્યા છે. રાજકોટ કલેકટરે આજે કહ્યું હતું કે, રાજકોટ-જેતપુર હાઈવે પર ૫૭ સ્થળોએ ખાડા પડ્યા હોવાની વિગતો મળી આવી છે. જે લિસ્ટ નેશનલ હાઈવે ઓથોરિટીને સોંપી દેવામાં આવ્યું છે અને તાકીદે ખાડા પુરવાની કામગીરી કરવા આદેશ કરાયો છે. રાજકોટ-જેતપુર હાઈવે પર ટ્રાફિકની માથાના દુઃખાવારૂપ બની ગયેલી સમસ્યાના કારણે છેલ્લા ચાર-પાંચ મહિનાથી અહીંના લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે અને સમયાંતરે આંદોલન પણ કરી ચૂક્યા છે. ૧૨૦૦ કરોડના ખર્ચે ચાલી રહેલા હાઈવેનું કામ હજી પણ ૫૮ ટકા બાકી હોવાનું સામે આવ્યું છે.

રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશે જણાવ્યું હતું કે, રાજકોટ - જેતપુર હાઈવે સિકસલેન બનાવવાનું કામ ચાલી રહ્યુ છે. જ્યાં ટ્રાફિકજામ બાબતે વખતોવખત ટ્રાફિક વિભાગ અને નેશનલ હાઈવે ઓથોરિટી સાથે ચર્ચા કરવામાં આવેલી છે. આ હાઈવે ઉપર ૫૭ જગ્યાએ વરસાદના કારણે ખાડા પડ્યા હોવાનું સામે આવ્યું છે ત્યારે તાત્કાલિક રીપેરીંગ કામ થાય તેના માટેની પ્રક્રિયા હાલ ચાલી રહી છે. આ માટે નેશનલ હાઈવે ઓથોરિટી પ્રોપર રીતે કામ કરી રહ્યું છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આ હાઈવે પરના કામને લીધે ટ્રાફિક જામની સમસ્યાને દૂર કરી શકાય તેના માટેના પ્રયત્નો પણ ચાલી રહ્યા છે. એક અઠવાડિયામાં ખાડા પૂરવા માટેની સુચના આપવામાં આવી છે. જો વરસાદ આ દરમિયાન નહીં આવે તો આ કામ ચોક્કસપણે એક અઠવાડિયામાં પૂરું થઈ જશે.

આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે રાજકોટ જેતપુર હાઈવે સિકસ લેન બનાવવાનું કામ ૪૨ ટકા પૂર્ણ થઈ ચૂક્યું છે. હજુ ૫૮ ટકા કામગીરી બાકી છે. કામગીરી ઝડપથી પૂર્ણ થાય તે માટે સમયાંતરે નેશનલ હાઈવે ઓથોરિટીના અધિકારીઓ સાથે બેઠક પરથી હોય છે અને તેમને જણાવવામાં આવ્યું છે કે જે પણ મટીરીયલની જરૂરિયાત હોય તે સત્વરે લાવવામાં આવે અને વધુ સાધનો અને માણસોની મદદથી તાત્કાલિક આ હાઈવે ની કામગીરી પૂર્ણ કરવામાં આવે.

રાજકોટ જિલ્લામાં ચોમાસાને કારણે છેલ્લા એક સપ્તાહમાં પડેલા વરસાદને કારણે ૫ કિ.મી.નો રસ્તો ડેમેજ થયો હતો. તેમજ રાજકોટ બાયપાસ, પીપળિયા ડાયવર્ઝન, વીરપુર ડાયવર્ઝન, ભોજપરા ડાયવર્ઝન પણ ખરાબ થયા હતા. તેમજ ૨ કિ.મી.નો સર્વિસ રોડ પણ ખરાબ થયો હતો. આ ડેમેજ થયેલા રસ્તાઓ અને ડાયવર્ઝનના રિપેરિંગની કામગીરી એકાદ બે દિવસમાં શરૂ કરવામાં આવશે.

રાજકોટ-જેતપુર ૬૭ કિ.મી. સિક્સલેનનું ૧૨૦૪ કરોડના ખર્ચે નવા ૩૦ બ્રિજ સાથે નવીનીકરણ કરી સપ્ટેમ્બર-૨૦૨૫માં કામ પૂર્ણ કરવાનું હતું. પરંતુ હજુ માત્ર ૪ બ્રિજ જ બન્યા છે. ૧૫નું કામ ચાલુ, ૧૧ બ્રિજનું કામ હજુ શરૂ જ નથી થયું. સપ્ટેમ્બર-૨૦૨૬ સુધી કામ ચાલે તેવી શક્યતા છે.

રાજકોટ -જેતપુર નેશનલ હાઈવે પર કુલ ૩૨ ફ્લાય ઓવરબ્રિજ અને વ્હિકલ અન્ડરપાસ (વીયુપી)બનાવવાના હતા. જેમાંથી ૨ ફ્લાય ઓવરબ્રિજ બાદમાં કાઢી નાખવામાં આવ્યા હતા. જ્યારે બાકીના ૩૦ ફ્લાય ઓવરબ્રિજમાંથી ૧૯ની કામગીરી અગાઉ શરૂ કરી દેવામાં આવી હતી અને તેમાંથી ૪ ફ્લાય ઓવરબ્રિજની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. જ્યારે બાકીના ૧૫ ફ્લાય ઓવરબ્રિજની કામગીરી ડિસેમ્બર સુધીમાં પૂર્ણ થવાનો અંદાજ છે. જ્યારે ૧૧ ફ્લાય ઓવરબ્રિજનું કામ શરૂ કરવાનું પણ બાકી હોય તે કામગીરી હવે શરૂ થશે.



# રાજકોટની ‘બબલી’ નેહા ગાંધેશાઃ દસ લોકો સાથે સવા બે કરોડની છેતરપીંડી

## સાત મહિલા સહિત નવ લોકો સાથે ભાગીદારીના નામે રૂ.૧.૧૯ કરોડ પડાવી ઠગાઈ આચરી, ગુનો નોંધાયો

- **ધર્મેન્દ્ર રોડ પરની દુકાન પર લગાવવામાં આવેલી જાહેર નોટીસ વાંચી ૭૦ વર્ષીય વૃદ્ધ ફસાયા, સોદો કરી મહિલાએ વૃધ્ધ પાસેથી રૂ. ૧.૦૫ કરોડ પડાવ્યા : બાદમાં દસ્તાવેજ નહિ કરી દઈ છેતરપિંડી આચરી**

રાજકોટ. તા.૨૮: રાજકોટમાં ભેજાબાજ મહિલાએ અલગ અલગ દસ લોકો સાથે રૂ. ૨.૨૪ કરોડની ઠગાઈ આચરી લીધાનો બનાવ સામે આવતા ચકચાર મચી જવા પામી છે. ઈમિટેશન જવેલરીની દુકાન ધરાવતી નેહાબેન રજનીકાંતભાઈ ગાંધેશાએ વૃધ્ધ સાથે દુકાનનો સોદો કરી રૂ. ૧.૦૫ કરોડની અને અન્ય સાત મહિલા સહિત કુલ નવ લોકો સાથે રૂ.૨.૨૪ કરોડની છેતરપિંડી કર્યાની એ-ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

બનાવ અંગે નિર્મલા કોન્વેન્ટ રોડ પર સરસ્વતી સોસાયટી શેરી નં. ૪માં રહેતા અને નિવૃત જીવન ગાળતા ઘનશ્યામભાઈ દયાળજીભાઈ માણેક (ઉ.વ.૭૦)એ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે નેહાબેન રજનીકાંતભાઈ ગાંધેશાનું નામ આપી જણાવ્યું કે, ધર્મેન્દ્ર રોડ પરના કડિયા નવ લાઈનશેરી નં.૬માંથી નીકળતી વખતે દોમડિયાના ડેલા તરીકે ઓળખાતી બિલ્ડીંગમાં દુકાન નં.૩ ઉપર કેપ્રી ગ્લોબલ કેપિટલ નામની જાહેર નોટિસમાં આ મિલકત લોનમાં ચડત હપ્તામાં છે. જેથી કોઈએ વ્યવહાર કરવો નહીં તેવું બોર્ડ વાંચ્યું હતું. ગત માર્ચ માસમાં બોર્ડમાં લખેલા નંબર ઉપર કોલ કરતાં સામાવાળાએ મવડી ચોકડી પાસે આર.કે. એમ્પાયર સ્થિત બિલ્ડીંગમાં પેઢીની ઓફિસમાં આવી જવાનું કહ્યું હતું.

ફરીયાદી ત્યાં જતાં પેઢીના મેનેજર નિખિલભાઈએ જણાવ્યું કે દુકાનના ચડત હપ્તા તમે ભરી દો, બાદમાં જો તમારે દુકાન ખરીદવી હોય તો ૧૫-૨૦ દિવસનો સમય મળશે. દુકાનના માલિક નેહાબેન છે, જેની તમારે જે દુકાન ખરીદવી છે તેની બાજુમાં દુકાન છે.

બાદ વૃદ્ધ નેહાબેનને મળતા તેણે કહ્યું કે તમે મારી દુકાનની લોન ભરી દો, સાથો-સાથ મને રૂ.૯ લાખ આપો એટલે સોદો ફાઈનલ થઈ જશે. ત્યાર પછી પેઢીના મેનેજર સાથે બધી વાતચીત કરી લીધા બાદ નેહાબેનના બેંક એકાઉન્ટમાં આરટીજીએસથી રૂ.૭.૯૪ લાખ જમા કરાવ્યા હતા. થોડા દિવસો બાદ નેહાબેને મિલ્કતનું સાટાખત કરી આપતા તેના ખાતામાં ચાર ભાગમાં આરટીજીએસથી લોનના રૂા.૮૯.૮૮




લાખ ભર્યા હતા. સાથો-સાથ રોકડા રૂ.૯ લાખ આપ્યા હતા.

દસ્તાવેજ કરવા માટે નેહાબેને તા.૧૬ એપ્રિલના રોજ રજીસ્ટ્રાર ઓફિસમાં આવી જવાનું કહ્યું હતું પરંતુ તે દિવસે નહીં આવતા કોલ કરતાં કહ્યું કે મારી પુત્રીની તબિયત ખરાબ છે, બે-ચાર દિવસ પછી દસ્તાવેજ કરશું. ચારેક દિવસ બાદ ફરીથી કોલ કરતાં દસ્તાવેજ કરી આપ્યો ન હતો અને છ માસ સુધી જુદા-જુદા બહાના બતાવતા હોવાથી આખરે વૃદ્ધે ફરિયાદ નોંધાવી હતી.

વધુમાં પોલીસ સુત્રોમાંથી મળતી વિગત મુજબ, આરોપી નેહાબેને અન્ય લોકો સાથે ધંધામાં ભાગીદારી, દુકાન વેચવાના, હાથ-ઉછીના વગેરે બહાના હેઠળ પૈસા લઈ લીધા હોવાની માહિતી મળી છે. નેહાબેનની ઉંમર ૪૭ વર્ષ આસપાસ છે અને તે મનહરપ્લોટ-૬માં અભિષેક એપાર્ટમેન્ટમાં રહે છે.

### છેતરપિંડીનો ભોગ બનનાર લોકો

આરોપી નેહાબેન ગાંધેશાએ અનેક લોકો સાથે છેતરપીંડી કર્યાનું સામે આવ્યું છે. જેમાં અમીતાબેન ભાવેશભાઈ મહેતા સાથે રૂ.૨૬.૬૭ લાખ, જાગૃતિબેન રમેશભાઈ બાલાસરા સાથે રૂ.૧૫ લાખ, દક્ષાબેન સુરેશભાઈ લાઠીગરા સાથે રૂ.૧.૨૦ લાખ, હર્ષાબેન પ્રદીપભાઈ મહેતા સાથે રૂ.૪.૫૨ લાખ, કાશ્મીરાબેન કનૈયાલાલ તન્ના સાથે રૂ. ૧૭.૭૨ લાખ, દક્ષાબેન હિરેનભાઈ ત્રિવેદી સાથે રૂ. ૪ લાખ, રીટાબેન ઋષભભાઈ ગાંધી અને ભાવેશભાઈ પ્રફુલભાઈ ધામેચા સાથે રૂ.૧૫-૧૫ લાખ અને રાજેશભાઈ હરજીભાઈ મોકાસણા સાથે રૂ.૨૦ લાખની છેતરપિંડી કર્યાનું ફરિયાદમાં જણાવાયું છે.

# રાજકોટમાં SPG નું સંમેલન બોલાવી જેતપુરના પાટીદાર અગ્રણીએ પાર્ટી પ્લોટનું ભાડું-જમવાના પૈસા ન ચૂકવ્યાં

- **મંડપ સર્વીસ અને કેટરર્સના ધંધાર્થીએ ૫ હજાર લોકોનીં જમવાની વ્યવસ્થા પણ કરી આપી, જેના રૂ.૮.૫૦ લાખના આયોજક જેતપુરના કલ્પેશ રાંકે ફક્ત ૩ લાખ જ ચૂકવ્યાં**

રાજકોટ. તા.૨૮: રાજકોટમાં વર્ષ ૨૦૨૩ માં એસપીજીનું સૌરાષ્ટ્ર ઝોનના કાર્યકર્તાનું સંમેલન યોજાયું હતું. જે આયોજનના પાર્ટી પ્લોટના, ભોજન સમારંભ અન મંડપ સર્વિસના થતાં બીલના રૂ.૮.૫૦ લાખમાંથી ફક્ત રૂ.૩ લાખ આયોજક અને જેતપુરના પાટીદાર અગ્રણીએ ચૂકવી બાકીના રૂ.૫.૫૦ લાખ ન ચૂકવી છેતરપીંડી આચરતાં રાજકોટના મંડપ સર્વીસ અને કેટરર્સના ધંધાર્થીએ બી. ડિવિઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે રાજકોટમાં મોરબી રોડ પર રાજ લક્ષ્મી સોસાયટી શેરી નં.૦૭ માં રહેતાં ચિરાગભાઈ કિશોરભાઈ લુણાગરીયા (ઉ.વ.૩૪) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે કલ્પેશ જગજીવન રાંક (રહે. જેતપુર) નું નામ આપતાં બી. ડિવિઝન પોલીસે છેતરપીંડીની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ૮૦ ફૂટ રોડ પર કાર્તિક પાર્ટી પ્લોટમાં મંડપ સર્વિસનુ કામ કરે છે. તેમજ ગ્રીનલેન્ડ ચોકડી પાસે ચામુંડા હોટલ નજીક સિતારામ કેટરર્સ નામે કેટરર્સ ચલાવે છે. તેઓ રાજકોટમાં ઈવેન્ટ મેનેજમેન્ટનું કામ કાજ સંભાળતા હોય જેથી રાજકોટ જીલ્લા એસપીજી પ્રમુખ અશ્વિનભાઈ મોલીયા મારફતે નવેમ્બર ૨૦૨૩ માં કલ્પેશ રાંક સાથે સંપર્ક થયેલ હતો. જે-તે સમયે તેમને એસપીજી ગ્રુપના સૌરાષ્ટ્ર ઝોનના કાર્યકરોનુ રાજકોટ ખાતે સંમેલન કરવુ હોય જેથી રાજકોટ જુના માર્કેટિંગ યાર્ડ પર આવેલ અશ્વિનભાઈ મોલીયાની ઓફીસ પર મુલાકાત થયેલ અને સંમેલન બાબતે વાતચીત થયેલ હતી.

જેમાં એક ડીસના રૂ.૭૦ લેખે નક્કી કરવામાં આવેલ હતા. આરોપી કલ્પેશએ આપેલ ઓર્ડર મુજબ તા.૨૩/૧૧/૨૦૨૩ ના કાર્તિક પાર્ટી પ્લોટ ખાતે ઈવેન્ટનું આયોજન કરવામાં આવેલ અને ફરીયાદીએ તમામ સગવડતા પુરી પાડેલ હતી. આ સંમેલનમાં આશરે ૩ હજાર માણસો આવેલ હતા. જેમાં આશરે રૂ.૬ લાખ ઈવેન્ટ આયોજનમાં મંડપ સર્વિસ, પાર્ટી પ્લોટ વિગેરેનો ખર્ચ થયેલ હતો તેમજ કેટર્સના આશરે રૂ. ૨.૫૦ લાખ મળી કુલ રૂ.૮.૫૦ લાખનો હીસાબ કલ્પેશ પાસે લેવાના હતો. તેમાં તા.૨૪/૧૧/૨૦૨૩ ના ૩ લાખ તેને આપેલ હતા. બીજા બાકીના રૂ.૫.૫૦ લાખ આઠ દસ દિવસમાં આપી દઈશ તેમ વાત કરેલ હતી.

ત્યાર બાદ અવાર નવાર લેણા રૂપિયાની ઉઘરાણી કલ્પેશ પાસે કરતા તે વાયદાઓ આપતો અને કહતો કે, મારે પેમેન્ટ આવવાનું છે, તે આવે એટલે તમારા રૂપિયા આપી દઈશ જેથી તેમના ઉપર વિશ્વાસ મુકેલ હતો. તેઓને બીલ ચુકવવાના હોય જેથી પર્સનલ લોન તેમજ દાગીના અને ગાડી ઉપર લોન લઈને બીલ ચુકવેલ હતાં. ઘણો સમય થવા છતા કલ્પેશએ પૈસા ના ચુકવતા તેમની પાસે પૈસાની ઉઘરાણી કરતા જણાવેલ કે, તમે ચિંતા ના કરો હું તમને તમારા રૂપિયા વ્યાજ સહિત ચુકવી આપીશ પરંતુ આજ સુધી ફરીયાદીના નીકળતા રૂપિયા આપેલ નથી. જે રૂપિયા અપાવવા માટે સમાજના આગેવાનોને વાત કરતા તેઓએ પણ કલ્પેશને મને રૂપિયા આપી દેવા સમજાવેલ પરંતુ આજ સુધી નીકળતા રૂપિયા ચુકવેલ નથી. બનાવ અંગેની ફરીયાદ પરથી બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

# તાપી નદીમાં તરતી દીવાદાંડીની પ્રતિકૃતિ બનાવી શ્રીજીની સ્થાપના

સુરત, તા. ૨૮: સુરતમાં ૮૦ હજારથી વધુ ગણેશજી પ્રતિમાઓની સ્થાપના થઈ છે. ઘરે-ઘરે ગણપતિ બાપ્પા મોરિયાનો નાદ છવાયો છે. ગણેશોત્સવની સાર્વજનિક થઈ રહેલી ઉજવણીમાં લાખો રૂપિયાનો ખર્ચ થઈ રહ્યો છે. આલીશાન મંડપ, ડેકોરેટિવ લાઈટિંગ, થીમ બેઝ ઉજવણી સાથે સેવાકીય પ્રવૃત્તિઓ શરૂ થઈ છે. બીજી તરફ શહેરના રાંદેર વિસ્તારના યુવાનોએ મહોલ્લાને બદલે તાપી નદીમાં તરતો મંડપ તૈયાર કરી બાપ્પાની સ્થાપના કરી છે.

તરતી દીવાદાંડીની પ્રતિકૃતિ બનાવી એમાં શ્રીજીની બિરાજમાન કરાયા છે. લોકો દ્વારા સવાર-સાંજ બોટમાં જઈ બાપ્પાની આરતી, ધૂન કરવામાં આવી રહી છે. બાપ્પાની પ્રતિમાને અનંત ચૌદશને દિવસે તાપી નદીમાંથી બહાર લાવી ઘરઆંગણે વિસર્જન કરવામાં આવશે.

આ અંગે વાત કરતાં રાંદેર પાંચ પીપડા મહોલ્લાના ગૌરવ અજયભાઈ સેલરે કહ્યું, વર્ષ ૨૦૦૬માં સુરત શહેર તાપી પૂરમાં તબાહ થઈ ચૂક્યું હતું. સુરતીઓને તાપી પૂરથી બચાવવા પાંચ પીપડા મહોલ્લાના શ્રીગણેશ મંડળ દ્વારા વર્ષ ૨૦૦૭થી તાપી નદીમાં શ્રીજીની સ્થાપના કરવામાં આવી રહી છે, જોકે કોરોનાનાં બે વર્ષ દરમિયાન આ થઈ શક્યું નહોતું, જોકે ફરી મંડળના યુવાઓ દ્વારા આ પરંપરા આગળ ધપાવવામાં આવી રહી છે.

ગત વર્ષે બોટમાં મંડપ ઊભો કરી શ્રીજીની સ્થાપના કરવામાં આવી હતી. તો આ વખતે ફાઈબર શીટ ઉપર દીવાદાંડીના આકાર સ્વરૂપે મંડપે ડિઝાઈન કરવામાં આવ્યો છે. આ મંડપમાં બાપ્પાને બિરાજમાન કરાયા છે. મંડળના તમામ સભ્યો સવાર-સાંજ બાપ્પાની આરાધના કરવા બોટમાં તાપી નદીની વચ્ચે જાય છે. દસ દિવસ દરમિયાન આરતી, ધૂન, પ્રસાદ અને કથા પણ કરવામાં આવે છે. મંડળના સભ્યોની આ અનોખી ભક્તિથી સૌને આશ્ચર્ય થઈ રહ્યું છે. ૧૦ દિવસની પૂજા-અર્ચના બાદ શ્રીજીને વિદાય આપવા શહેરની નાની-મોટી તમામ પ્રતિમાઓ તાપી કિનારે અથવા દરિયા તરફ આગળ વધે છે, જોકે અમારા મંડળ દ્વારા બાપ્પાની પ્રતિમાને તાપી નદીમાંથી બહાર કાઢી ઘરઆંગણે ધામધૂમથી વિસર્જિત કરવામાં આવે છે.



# અમેરિકી ટેરિફ ઈફેક્ટ : દુનિયાના સૌથી મોટા હીરા કેન્દ્ર સુરતમાં ફેલાયો સન્નાટો

- **ટ્રમ્પે ટેરિફ બે ગણું કરતા સુરતથી અમેરિકાની બજારમાં હીરા પહોંચાડવા કઠિન બન્યા : દોઢથી બે લાખ શ્રમિકો બેકાર થવાની સંભાવના : વેપારીઓ વિકલ્પ શોધી રહ્યા છે**



નવી દિલ્હી,તા.૨૮: ભારતનો હીરા ઉદ્યોગ કે જે દુનિયાનો સૌથી મોટો કટીંગ અને પોલીશીંગ હબ માનવામાં આવે છે, તે હાલમાં અભૂતપૂર્વ સંકટનો સામનો કરી રહ્યું છે, ચીનની નબળી માંગને લઈને પહેલાથી જ આ કારોબાર બે દાયકાના નીચલા સ્તરે હતો, હવે ટ્રમ્પ દ્વારા ટેરિફ બે ગણો કરવાથી તેની પહોંચ અમેરિકાની બજારો સુધી કઠિન થઈ ગઈ છે. ગુજરાતનું સુરત કે જયાં દુનિયાના ૮૦ ટકાથી વધુ કાચા હીરા કટ અને પોલીશ થાય છે ત્યાં ઝડપથી ઓર્ડર ઘટી રહ્યા છે.

અમેરિકા દ્વારા ૫૦ ટકા ટેરિફ લગાવવાની જાહેરાત બાદ વેપારીઓ ચિંતીત છે, સુરત ડાયમંડ બોર્સ, જેને દુનિયાની સૌથી મોટી ઓફિસ બિલ્ડીંગ માનવામાં આવે છે, ત્યાં ૪૭૦૦ થી વધુ ઓફિસો વેચાઈ ચૂકી છે, હાલ ૨૫૦થી પણ ઓછી ઓફિસ બચી છે. જયારે અનેક કંપનીઓએ આ ઈમારતમાં શિફ્ટ થવાની યોજના ટાળી દીધી છે. ડિસેમ્બર ૨૦૨૩માં વડાપ્રધાન મોદીએ ૬.૭ મિલિયન વર્ગ ફુટમાં ફેલાયેલ સુરત ડાયમંડ બોર્સનું ઉદઘાટન કર્યુ હતું. જે અમેરિકી રક્ષા મંત્રાલય પેન્ટાગોનથી પણ મોટું છે. ઉલ્લેખનીય છે કે, સુરતમાં દુનિયાભરના હીરાને કોતરવાનું કામ થાય છે, અહી લગભગ ૫૦૦૦ ડાયમંડ કટિંગ અને પોલીશીંગ યુનિટ છે જેમાં લગભગ ૮ લાખ કારીગરો કામ કરે છે. આથી આ શહેરના મહત્વનો અંદાજ લગાવી શકાય છે કે દુનિયામાં તૈયાર ૧૦ હીરામાંથી ૯ હીરાનું અહીં પોલીશીંગ થાય છે.

કામકાજના દિવસો ઘટાડયા: માંગ નબળી પડવાથી અનેક કંપનીઓ કામના કલાકો ઘટાડી રહી છે. જો ભારત અને અમેરિકા વચ્ચે કોઈ સમજુતી ન થાય તો દોઢથી બે લાખ મજૂરો બેકાર થઈ શકે છે.

અમેરિકામાં સૌથી મોટું બજાર: કટીંગ અને પોલીશીંગ એકમો સાથે જ હીરા વેપારીઓ માટે અમેરિકા સૌથી મોટું નિકાસ સ્થાન છે. ભારતમાં પોલીશ કરાયેલા દર દસમાંથી ત્રણથી વધુ હીરા અમેરિકી બજારોમાં પહોંચે છે.

# કચ્છમાં ટ્રેલરમાંથી કન્ટેનર છૂટું પડતાં રોડ પર પટકાયું, સ્કૂટર પર જતાં ૩ લોકોના મોત

અંજાર, તા. ૨૮: કચ્છમાંથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. અંજાર-મુન્દ્રા હાઈવે પર રસ્તે દોડતા એક ચાલુ ટ્રેલરમાંથી કન્ટેનર છૂટું પડી જતાં કરુણાંતિક સર્જાઈ. જેમાં સ્કૂટર પર જતા ૩ લોકોના અડફેટે આવી જતાં મોત નિપજતાં માતમ છવાઈ ગયું છે. માહિતી અનુસાર આ કન્ટેનર લોક ન હોવાથી આ દુર્ઘટના સર્જાઈ હતી. આ ઘટનાની જાણ પોલીસને થતા



ઘટનાસ્થળે પહોંચીને ત્રણેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ મુન્દ્રા ધોરીમાર્ગ ઉપર પુરપાટ ઝડપે જઈ રહેલુ એક ટ્રેલર અચાનક બેકાબુ બની જતા તેના પર રહેલું કન્ટેનર ફંગોળાઈને બાજુમાંથી પસાર થતી એક્ટિવા ઉપર પડ્યું હતું. જે અકસ્માતમાં એક્ટિવા પર સવાર ત્રણ આશાસ્પદ યુવાનો તેની નીચે દબાઈ ગયા હતા. અકસ્માત એટલો ભયંકર હતો કે, એક યુવકના શરીરના બે ભાગ થઈ ગયા હતા. જ્યારે એક્ટિવાના ફૂરચેફુરચા બોલી ગયા હતા. ઉલ્લેખનીય છે કે આ ઘટના બાદ રસ્તાની હાલત લોહીલુહાણ થઈ ગઈ હતી. ગમખ્વાર અકસ્માતને પગલે ઘટનાસ્થળે હાજર લોકો પણ ધ્રૂજી ઊઠ્યા હતા અને તેમણે તાત્કાલિક ઈમરજન્સી સર્વિસ અને પોલીસને જાણકારી આપી હતી.






# સાઉથના દિગ્ગજ સુપરસ્ટાર વિજયની ધરપકડ થવાની શક્યતા



સાઉથના દિગ્ગજ સુપરસ્ટાર વિજય સામે મદુરાઈમાં એક ઈવેન્ટ દરમિયાન બાઉન્સરો દ્વારા બળજબરીથી ધક્કો મારીને નીચે પછાડ્યા બાદ ગુનો નોંધવામાં આવ્યો છે. પીડિત સરથ કુમારે આરોપ લગાવ્યો છે કે, ૨૦ ઓગસ્ટના રોજ મદુરાઈમાં બીજા રાજ્ય પરિષદ દરમિયાન તેમને ધક્કો મારવામાં આવ્યો હતો, જેના કારણે તેમની છાતીમાં ઈજા પહોંચી હતી. સરથકુમારે પેરામ્બલુર એસપીની ઓફિસમાં ફરિયાદ નોંધાવી, ત્યારબાદ કુન્નમ પોલીસે વિજય અને તેના બાઉન્સરો વિરુદ્ધ કેસ નોંધ્યો છે. તાજેતરમાં મદુરાઈ જિલ્લાના પારાપથીમાં તમિલગા વેત્રી કઝગમ (ટીવીકે)ના બીજા રાજ્ય સમ્મેલનમાં એક્ટર વિજયે ભાગ લીધો હતો, હવે તેની સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે ટીવીકેની રેલીમાં ભીડ સાથે કથિત રીતે મારપીટ કરવાના આરોપમાં વિજય અને અન્ય ૧૦ લોકો સામે ફરિયાદ દાખલ કરાવવામાં આવી છે. સમ્મેલન દરમિયાન વિજયના બાઉન્સરોએ રેમ્પ પર ચઢવાનો પ્રયાસ કરતી વખતે કાર્યકર્તા શરથકુમારને બળજબરીથી ધક્કો માર્યો હતો, જેના કારણે તેઓ પડી ગયા હતા અને તેમની છાતીમાં ગંભીર ઈજા પહોંચી હતી.

ત્યારબાદ સરથકુમાર પોતાના સાથીદારો સાથે પેરામ્બલુર જિલ્લા પોલીસ અધિક્ષક કાર્યાલય પહોંચ્યા, જ્યાં તેમણે ગંભીર મામલોમાં ફરિયાદ નોંધાવી છે. તેમણે અહીં હાજર પત્રકારોને જણાવ્યું કે ટીવીકે ચીફ વિજયના બાઉન્સરોએ અમારી સાથે મારપીટ કરી, જેના પછી તેમને છાતીમાં દુઃખાવો થવા લાગ્યો હતો. કાર્યકર્તાની ફરિયાદ પર કુન્નમ પોલીસે વિજય અને સુરક્ષા સ્ટાફ વિરુદ્ધ કેસ નોંધ્યો છે.

આ કાર્યક્રમ સ્થળ પર ૧.૫ લાખથી વધુ લોકોના બેસવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. જ્યાં પાર્ટીના સ્થાપક નેતા વિજયની એક ઝલક જોવા માટે વહેલી સવારમાં ભીડ એકઠી થઈ ગઈ હતી.

બીજી એક વાયરલ ક્લિપમાં એક ચાહક વિજયનું ધ્યાન પોતાના તરફ ખેંચવા માટે ખતરનાક રીતે રેલિંગ પર લટકી રહ્યો હતો. ત્યારબાદ પોલીસ અને સુરક્ષા કર્મચારીઓએ તેને નીચે આવવા માટે સમજાવવાનો પ્રયાસ કર્યો. ત્યારબાદ વિજય તેની પાસે ગયો અને મામલો શાંત કરાવ્યો.

# રાજકુમાર રાવ અને વામિકા ગબ્બીની જોડી ફરી રીપિટ



ઉજ્જવલ નિકમની બાયોપિકમાં રાજકુમાર રાવ બાદ હવે વામિકા ગબ્બીની પણ એન્ટ્રી થઈ છે. 'ભૂલચૂક માફ' ફિલ્મ પછી આ જોડી ફરી સાથે આવી રહી છે.

આ ફિલ્મનું શૂટિંગ ઓકટોબર મહિનામાં શરૂ કરવામાં આવશે. આ ફિલ્મનું દિગ્દર્શન અવિનાશ અરુણનું હશે. આ ફિલ્મ ૧૯૯૩નાં મુંબઈ વિસ્ફોટો તથા ૨૦૦૮ના કસાબ કેસ સહિતના કેસો લડનારા વકીલ ઉજ્જવલ નિકમની કાનૂની સફર પર આધારિત છે. જોકે, રાજકુમાર રાવ અને વામિકા ગબ્બી બંને બહેતરીન કલાકારો હોવા છતાં તેમની ફિલ્મ 'ભૂલચૂક માફ' ટિકિટબારી પર સારો દેખાવ કરી શકી ન હતી. ૫૦ કરોડનાં બજેટમાં બનેલી આ ફિલ્મ ૭૦ કરોડની કુલ કમાણી સુધી પહોંચતાં પહોંચતાં હાંફી ગઈ હતી અને તેની માત્ર પ્રોડક્શન કોસ્ટ જ રિકવર થઈ શકી હતી.

# તૃપ્તિ ડિમરી વિદેશ શૂટિંગમાં પણ બોયફ્રેન્ડને સાથે લઈ ગઈ

તૃપ્તિ ડિમરી અને બિઝનેસમેન સેમ મર્ચન્ટનો રોમાન્સ હાલ ભારે ચર્ચામાં છે. તાજેતરમાં તૃપ્તિ ડિમરી ફોરેનમાં તેનાં ફિલ્મનાં શૂટિંગમાં પણ બોય ફ્રેન્ડ સાથે પહોંચી હતી.

તૃપ્તિ સ્પેનમાં વિશાલ ભારદ્વાજની ફિલ્મ 'રોમિયો'નાં શૂટિંગ માટે ગઈ હતી. આ દરમિયાન સેમ પણ તેની સાથે જોવા મળ્યો હતો. બંનેની સોશિયલ મીડિયા તસવીરો પરથી તેઓ સાથે હોવાનું સ્પષ્ટ થયું હતું. 'રોમિયો' ફિલ્મમાં તૃપ્તિનો હીરો શાહિદ કપૂર છે. તૃપ્તિ અને સેમ છેલ્લા કેટલાય સમયથી દેશ અને વિદેશમાં સાથે સાથે ટ્રીપ કરી રહ્યાં છે. જોકે, બંનેએ હજુ સુધી તેમના સંબંધો ઓફિશિયલ કર્યા નથી. બંને એકબીજાના પરિવારજનો સાથે પણ કેટલાંક પ્રસંગોમાં દેખાયાં છે. તે પરથી તેમના સંબંધો બંનેના પરિવારે પણ સ્વીકારી લીધા હોવાનું મનાય છે.



"સમાચારનો સાચો પ્રભાવ - સત્ય સમર્પણ ન્યુઝ"

# સત્ય સમર્પણ NEWS




## ન્યુઝ પેપરની ડિજિટલ PDF મેળવો

# ફ્રી

સત્ય સમર્પણ દૈનિક ન્યુઝ પેપરની પીડીએફ મેળવવા માટે નીચે આપેલા આઈકન પર ક્લિક કરો અને અમારી સાગે જોડાઓ...

## અમારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને દૈનિક અખબારમાં તમારા બિઝનેસની જાહેરાત કરો

# માત્ર રૂપિયા 4999/- માં

સત્ય સમર્પણ દૈનિક ન્યુઝ પેપરમાં જાહેરાત આપવા સંપર્ક કરો: +91 85117 58302